بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.30-12-2016 સ્થળ : મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

બે દિવસ પછી ઈન્શા અલ્લાહ નવું વર્ષ શરૂ થઈ રહ્યો છે. આપણે મુસ્લિમો તો કમરી વર્ષથી પણ વર્ષ શરૂ કરીએ છીએ અને શમસી વર્ષથી પણ. આ કમરી વર્ષ ફકત મુસ્લિમોમાં જ નથી બલ્કે ઘણી બધી કોંમોમાં પહેલાં રિવાજ હતો. કમરી વર્ષથી જ વર્ષ શરૂ કરવામાં આવતો હતો. ચીનીઓમાં પણ છે, હિન્દુઓમાં પણ છે અને કોંમોમાં પણ છે. ઘણી બધી કોંમોમાં જોવા મળે છે અને ઈસ્લામ પહેલાં અરબમાં પણ દિવસોના હિસાબ માટે કમરી કેલેન્ડર જ વપરાતો હતો. આમ, દુનિયામાં સાધારણ રીતે આ ગૈરોગેરિયન કેલેન્ડર વપરાય છે અને બધા તેને સમજે છે માટે પ્રત્યેક કોંમ અને પ્રત્યેક દેશએ આ કેલેન્ડરને પોતાના દિવસ અને મહીનાઓના હિસાબ માટે અપનાવી લીધો છે તો આ કારણે દુનિયામાં પ્રતિ વર્ષ દરેક સ્થાને આના હિસાબથી પ્રથમ જાન્યુઆરીથી વર્ષ શરૂ થાય છે અને ૩૧ ડિસેમ્બરે વર્ષ સમાપ્ત થાય છે. આમ, વર્ષ આવે છે બાર મહિના પસાર થાય છે અને ચાલ્યા જાય છે. ચાહે કમરી મહીનાના વર્ષ હોય અથવા ગૈરોગેરિયન, પરંતુ દુનિયા વાળા દિવસો અને મહીના અને વર્ષોને દુન્યવી કામોમાં ગુજારીને બેસી જાય છે. ચાહે તે મુસ્લિમ હોય અથવા બિન મુસ્લિમ. નવા વર્ષના સ્વાગતમાં દુનિયા વાળા શું નથી કરતાં. પશ્ચિમી દેશોમાં અથવા પ્રગતિશીલ દેશોમાં વિશેષ રૂપમાં અને બાકી દુનિયામાં પણ ૩૧ ડિસેમ્બર અને ૧લી જાન્યુઆરીની વચ્ચેની રાત્રે શું શોરબકોર નથી થતો. અડધી રાત્રી સુધી વિશેષ રૂપમાં જાગવામાં આવે છે બલ્કે આખી આખી રાત જાગે છે માત્ર શોરબકોર માટે, શરાબ કબાબ માટે, નાચગાન માટે. આમ, જુના વર્ષની સમાપ્તી પણ નિરર્થકતા અને બેહૂદગીઓ સાથે થાય છે અને નવા વર્ષની શરૂઆત પણ નિરર્થકતાથી થાય છે. દુનિયાના અધિકતર લોકોના દીનની આંખ તો આંધળી થઈ ગઈ છે માટે તેમની નજર તો ત્યાં સુધી નથી પહોચી શકતી જ્યાં મોમિનની નજર પહોચે છે અને પહોચવી જોઈએ. એક મોમિનની શાન તો એ છે કે ન માત્ર તે નિરર્થકતાથી બચે અને નારાજગીનો ઈઝહાર કરે બલ્કે પોતાનું નિરીક્ષણ કરે અને વિચારે કે તેના જીવનમાં એક વર્ષ આવ્યો અને ગુજરી ગયો. તેમાં તેણે આપણને શું આપ્યુ અને શું લઈને ગયો. આપણે આ વર્ષે શું ખોયું અને શું મેળવ્યું. શું એક મોમિને દુન્યવી લેહાઝથી જોવું છે કે આ વર્ષે તેણે શું ખોયું અને શું મેળવ્યું. તેની દુન્યવી હાલતમાં શું સારૂ થયું અથવા દીની લેહાઝથી અને રૂહાની લેહાઝથી જોવું છે કે શું ખોયું અને શું મેળવ્યું અને દીની તથા રૂહાની લેહાઝથી જોવું છે તો કયા ધોરણ પર રાખીને જોવું છે જેથી માલૂમ થાય કે શું ખોયું અને શું મેળવ્યું.

આપણે અહેમદી ભાગ્યશાળી છીએ કે જેને અલ્લાહ તઆલાએ મસીહ મૌઉદ અને મહદી મઅહૂદને માનવાની તૌફીક આપી જેમણે આપણી સામે અલ્લાહ તઆલા અને તેના રસૂલની તાલીમનો સારાંશ કાઢીને મુકી દીધો અને આપણને કહ્યું કે તમે આ ધોરણને સામે રાખો તો તમને ખબર પડશે કે તમોએ પોતાના જીવનનો હેતુ પુરો કર્યો છે અથવા પુરો કરવાની કોશિશ કરી છે કે નહી? આ ધોરણને સામે રાખશો તો સાચા મોમિન બની શકો છો. આ શર્તો છે તેના પર ચાલશો તો વાસ્તવિક રૂપમાં પોતાના ઈમાનને પરખી શકો છો. પ્રત્યેક અહેમદીથી આપે બૈઅતની પ્રતિજ્ઞા લીધી છે અને આ બૈઅતની પ્રતિજ્ઞામાં બૈઅતની શર્તો આપણી સામે મુકીને અમલ કરવાની સૂચિ આપણને આપી દીધી અને તેના પર અમલ અને તે અમલનો પ્રતિ દિવસ, પ્રતિ અઠવાડીયું, પ્રત્યેક મહીનો અને પ્રતિ વર્ષ એક નિરીક્ષણ લેવાની આશા પણ રાખી.

માટે પ્રતિ વર્ષની છેલ્લી રાત્રી અને નવા વર્ષનું આગમન જો નિરીક્ષણ અને દુઆથી કરીશું તો પોતાનો પરલોક સજાવનાર બનીશું અને જો આપણે પણ જાહેરી મુબારકબાદી અને દુનિયાદારીની વાતોથી નવા વર્ષનું આગમન કરીશું

તો આપણે ખોયું તો ઘણું બધું અને મેળવ્યું કઈ નથી અથવા ખુબ ઓછું મેળવ્યું. જો કમજોરીઓ રહી ગઈ છે અને આપણું નિરીક્ષણ આપણને સંતોષ ન આપતો હોય તો આ દુઆ આપણે કરવી જોઈએ કે અલ્લાહ તઆલા આપણો આવનાર વર્ષ પાછલા વર્ષની જેમ રૂહાની કમજોરી દેખાડનાર વર્ષ ન હોય બલ્કે આપણો પ્રત્યેક ડગલું અલ્લાહ તઆલાની ખુશી હાસેલ કરનાર ડગલું હોય, આપણો પ્રત્યેક દિવસ રસૂલ સ.અ.વ.ના આદર્શ પર ચાલનાર દિવસ હોય. આપણો દિવસ અને રાત હઝરત મસીહ મૌઉદ અ.સ.થી બૈઅતની પ્રતિજ્ઞા નિભાવવા તરફ લઈ જનાર હોય. તે પ્રતિજ્ઞા જે આપણાથી આ સવાલ કરે છે કે શું આપણે શિર્ક ન કરવાની પ્રતિજ્ઞા પુરી કરી છે. મૂર્તિઓ અને સૂર્ય ચંદ્રને પુજવાનો શિર્ક નહી બલ્કે આંહઝરત સ.અ.વ.ના ફરમાન પ્રમાણે તે શિર્ક જે કર્મોમાં ઢોંગ અને દેખાવનો શિર્ક છે તે શિર્ક જે છુપી ખ્વાહેશોમાં પરોવાનો શિર્ક છે. શું આપણી નમાઝો, આપણા રોઝા, આપણા સદકાઓ, આપણી ધનની કુરબાનીઓ, લોકોની સેવાઓનું કાર્ય, જમાઅતના કામમાં સમય આપવો, ખુદા તઆલાની ખુશી હાસેલ કરવાને બદલે ગૈરૂલ્લાહને ખુશ કરવા માટે અથવા દુનિયા દેખાડવા માટે તો નથી ને. આપણા દિલની છુપી ખ્વાહેશો અલ્લાહ તઆલાના મુકાબલામાં ઊભી તો નથી થઈ ગઈ ને.

પછી આ સવાલ છે કે શું આપણું વર્ષ જુઠથી પૂર્ણત: વિશુધ્ધ થઈને તથા સંપૂર્ણ સત્ય પર સ્થાપિત રહેતા ગુજર્યો છે ? હઝરત મસીહ મૌઉદ અ.સ.એ સ્તર સ્થાપિત કર્યો છે કે જ્યાં સુધી ઈન્સાન મનના તે સ્વાર્થોથી મુકત ન થાય જે સત્ય માર્ગથી રાકે છે ત્યાં સુધી વાસ્તવિક રૂપમાં સત્યના પાલન કરનાર નથી થઈ શકતા. ફરમાવ્યું સત્ય બોલવાનો ઉપયુકત અવસર તે જ છે જેમાં પોતાની જાન માલ તથા સંમાન જવાનો ભય હોય.

પછી આ સવાલ છે કે શું આપણે પોતાને એવા આયોજનોથી દુર રાખ્યા છે જેનાથી ખોટા વિચારો દિલમાં પેદા થઈ શકે છે અર્થાત આજ કાલ આ યુગમાં ટીવી છે, ઈન્ટરનેટ છે. તેના પર એવા પ્રોગ્રામ જે ભાવનાઓને ખરાબ કરવાનો કારણ બને છે, તેનાથી પોતાને બચાવ્યા ? જો આપણે આ સાધનોથી ખરાબ ફિલ્મો અને પ્રોગ્રામ જોઈએ છીએ તો આપણે બૈઅતના પ્રણથી દુર હટી ગયા છીએ અને આપણી દશા ચિંતા જનક છે કેમકે આ વાતો એક પ્રકારના વ્યભિચાર તરફ લઈ જાય છે. પછી પ્રશ્ન એ છે કે શું આપણે ખોટી વાતો જોવાથી પોતાને બચાવવા માટે યથાસંભવ પ્રયાસ કર્યો છે અને કરી રહ્યા છીએ? કેમ કે આ આદેશ સ્ત્રી અને પુરૂષ બંને માટે છે કેમ કે ખુલ્લી આંખથી જોવાના કારણે સંભાવનાઓ પેદા થઈ શકે છે માટે પોતાની નજર નીચી રાખો તથા નજરોને બચાવીને ચાલો. પછી પ્રશ્ન આ છે કે શું આપણે પપ અને દોષની પ્રત્યેક વાતથી આ વર્ષમાં બચવાનો પ્રયાસ કર્યો છે ? આંહઝરત સ.અ.વ.એ ફરમાવ્યું કે મોમિન સાથે ગાલી ગલૌચ કરવું ઘોર અપરાધ છે. કઠોરતાથી, લડાઇથી, જ્યારે ઝઘડો થાય છે તે સ્મયે મનુષ્ય કઠોર ભાષા પણ બોલી નાખે છે તથા અપશબ્દો પણ કહી દે છે અને એક મોમિન બીજા મોમિનથી જ્યારે આવું કરી રહ્યો હોય છે તો આ ઘોર પાપ છે બલ્કે કોઇની સાથે પણ કરી રહ્યો હોય તો પણ ઘોર પાપ છે.

પછી સવાલ છે કે શું આપણે પોતાને પ્રત્યેક અત્યાચારથી બચાવી રાખ્યો છે ? અર્થાત અત્યાચાર કરવાથી બચાવી રાખ્યો છે. આંહઝરત સ.અ.વ.એ ફરમાવ્યું કે કોઈની એક હાથ જેટલી જમીન પણ દબાવી લેવી અથવા કોઈનો એક કાકરો પભ અનુચિત રૂપથી લેવું અન્યાય છે. પછી પ્રશ્ન એ કરવાનો કે શું આપણે પ્રત્યેક પ્રકારની ખયાનતથી પોતાને વિશુધ્ધ રાખ્યો છે. આપ સ.અ.વ.એ ફરમાવ્યું કે તેની સાથે પણ ખયાનત ન કરવજિે તમારાથી ખયાનત કરે છે. પછી આપણે આ સવાલ કરવાનો કે શું આપણે પ્રત્યેક પ્રકારના ફસાદથી બચવાની કોશિશ કરી છે ? પછી આપણે સવાલ કરવાનો કે શું આપણે મનની આવૃત્તિઓના દબાવમાં તો નથી આવી જતા ? આજ કાલના યુગમાં જ્યારે કે દરેક બાજુ નિર્લજ્જતા ફેલાયેલ છે, આ મનની આવૃત્તિઓથી બચવું પણ એક જેહાદ છે. પછી સવાલ એ છે કે શું આપણે પાંચ સમયની નમાઝોની વ્યવસ્થા કરતા રહ્યા છીએ? આખું વર્ષ નિયમ અનુસાર નમાઝો પઢતા રહ્યા છીએ. આનો અનેક સ્થાને અલ્લાહ તઆલાએ કુરાન શરીફમાં આદેશ આપ્યો છે અને આંહઝરત સ.અ.વ.એ ફરમાવ્યું કે નમાઝને છોડવું મનુષ્યને શિર્ક અને ઈન્કારની નિકટ કરી દે છે. પછી આપણે આ સવાલ કરવાનો કે શું તહજ્જુદની નમાઝ પઢવા

તરફ આપણું ધ્યાન રહ્યું છે કે આંહઝરત સ.અ.વ.નો આ વિષયમાં આ નિર્દેશ છે કે તહજ્જુદની નમાઝની વ્યવસ્થા કરો, ફરમાવ્યું કે આની આદત ગુનાહોથી રોકે છે. ફરમાવ્યું કે બુરાઈઓનો વિનાશ કરે છે તથા શારીરકિ રોગેથી પણ બચાવે છે. પછી આપણે આ પ્રશ્ન કરવો છે કે શું આપણે આંહઝરત સ.અ.વ. પર દરૂદ મોકલવાનો યથાવત પ્રયાસ કરતા રહ્યા છીએ અથવા કરીએ છીએ કે આ અલ્લાહ તઆલાના વિશેષ આદેશોમાંથી એક આદેશ છે મોમિનને, અને આ દુઆ કબુલ થવાનું સાધન પણ છે. પછી સવાલ આપણે એ કરવાનો કે શું આપણે હંમેશા ઈસ્તિગફાર કરતા રહ્યા ? આંહઝરત સ.અ.વ. ફરમાવે છે કે જે વ્યકિત ઈસ્તિગફારથી ચોટી રહે છે અલ્લાહ તઆલા તેના માટે પ્રત્યેક તંગીથી નિકળવાનો માર્ગ બનાવી દે છે તથા પ્રત્યેક મુશ્કેલીથી સરળતાનો માર્ગ ઉત્પન કરી દે છે તથા તેને તે સાધનોથી સુખ સુવિધાઓ પ્રદાન કરે છે જેની તે કલ્પના પણ નથી કરી શકતો. પછી સવાલ એ છે કે શું અલ્લાહ તઆલાની સ્તુતિ કરવા તરફ આપણું ધ્યાન રહ્યું છે કે આંહઝરત સ.અ.વ.એ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાની સ્તુતિ કર્યા વગર આંરભ કરવામાં આવતુ કાર્ય અપર્ષ્ણ રહે છે, બરકતથી વંચિત રહે છે, પ્રભાવ હીન હોય છે. પછી સવાલ એ છે કે શું આપણે પોતાના કે ગૈરોને કષ્ટ આપવાથી બચતા રહ્યા છીએ? શું વિનયતા તથા વિનમ્રતા આપણી વિશેષતા રહી છે. શું ખુશી ગમી તંગી તથા સમૃદ્ધિ પ્રત્યેક દશામાં આપણે ખુદા તઆલા સાથે આજ્ઞાપાલનનો સંબંધ રાખીએ છીએ, કયારેય કોઈ ફરિયાદ તો પૈદા નથી થઈને અલ્લાહ તઆલાથકિ મારી દુઆ કેમ કબૂલ નથી થઈ અથવા મને આ મુશ્કેલીમાં કેમ નાખ્યો ? પછી સવાલ આ છે કે શું પ્રત્યેક પ્રકારની પ્રથાઓ તથા કુધારણાઓથી આપણે પૂર્ણ રીતે બચવાનો પ્રયાસ કર્યો ? આંહઝરત સ.અ.વ.એ ફરમાવ્યું કે આ પ્રથાઓ તમને ગુમરાહી તરફ લઈ જાય છે, તેનાથી બચો. પછી સવાલ આ છે કે શું કુરાન શરીફ અને આંહઝરત સ.અ.વ.ના આદેશો તથા નિર્દેશોને આપણે સંપૂર્ણ રૂપથી ગ્રહણ કરવાનો પ્રયાસ કરતા રહ્યા છીએ. પછી આ સવાલ છે કે શું આપણે અહંકાર તથા ઘમંડને સંપૂર્ણ રીતે છોડર્યો છે અથવા તેને છોડવાનો પ્રયાસ કર્યો છે, શું આપણે વિનયતા તથા વિનમ્રતા ધારણ કરવાનો પ્રયાસ કર્યો છે. પછી સવાલ એ છે કે શું પ્રત્યેક દિવસ આપણી અંદર દીનમાં વધવા તથ તેના આદર સંમાનને કાયમ કરનાર બનતા રહ્યા છે, દીનને દુનિયા પર પ્રાથમિકતા આપવાનો જે અહદ આપણે હંમેશા દોહરાવીએ છીએ, કેવળ ખોખલી પ્રતિજ્ઞા તો નથી રહી ? પછી પ્રશ્ન આ છે કે શું ઈસ્લામથી પ્રેમમાં આપણે તે હદ સુધી વધવાનો પ્રયાસ કર્યો છે કે આપણા ધન પર તેને પ્રાથમિકતા આપી, પોતાના સંમાન પર તેને પ્રાથમિકતા આપી, તથા પોતાનાી સંતાનથી અધિક તેને પ્રિય સમજ્યા ? પછી આપણે આ સવાલ કરવાનો કે આપણે અલ્લાહ તઆલાના બંદા સાથે સહાનુભૂતિમાં આગળ વધવાનો પ્રયાસ કરનાર છીએ અથવા કરીએ છીએ. પછી આ સવાલ છે કે પોતાના સંપૂર્ણ સામર્થ્ય સાથે ખુદાના બંદાઓની સેવા કરવાનો પ્રયાસ કરતા રહ્યા છીએ. પછી આ પ્રશ્ન છે કે શું આ દુઆ કરતા રહ્યા તથા પોતાના બાળકોને પણ ઉપદેશ આપતા રહ્યા કે હઝરત મસીહ મૌઉદ અ.સ.ના આજ્ઞાપાલનનો સ્તર હંમેશા આપણામાં સ્થાપિત રહે, આપણે હંમેશા આપનુ આજ્ઞાપાલન કરતા રહીએ, પછી સવાલ છે કે શું મિત્રતાનો સંબંધ તથા આજ્ઞાપાલન તે સીમા સુધી વધાર્યુ છે આપણે હઝરત મ્સીહ મૌઉદ અ.સ.થી કે શેષ અન્ય સાંસારિક સંબંધ તેની સામે તુચ્છ થઈ જાય, મૂલ્ય હીન સમજવામાં આવે. પછી સવાલ છે કે શું અહેમદિયા ખિલાફત સાથે જોડાઇ રહેવા તથા આજ્ઞાપાલનનો સંબંધ રખાવા તરફ ધ્યાન અપાવતા રહ્યા તથા તેના માટે દુઆ કરતા રહ્યા કે તેમનામાં આ ભાવના ઉત્પન થાય. પછી સવાલ છે કે શું ખલીફા એ વકત અને જમાઅત માટે નિરંતર દુઆ કરતા રહ્યા ?

હઝરત મસીહ મૌઉદ અ.સ.નો એક લેખ પેશ કરૂ છું જેમાં આપે પોતાની જમાઅતને ઉપદેશ આપ્યો છે તથા એક વિજ્ઞાપનના રૂપમાં તેને પ્રકાશિત કર્યો હતો. આપે ફરમાવ્યું કે મારી પુરી જમાઅત જે આ સ્થાને ઉપસ્થિત છે અથવા પોત પોતાના સ્થાને રહે છે આ ઉપદેશને ધ્યાન પૂર્વક સાંભળે કે તે જે આ સિલ સિલામાં દાખલ થઈને મારી સાથે શ્રદ્ધા તથા મુરીદીનો સંબંધ રાખે છે, તેનો અભિપ્રાય: આ છે કે તે નેક ચલન, નેક આચરણ તથા તકવાના ઉચ્ચ ધોરણ સુધી પહોચી જાય અને કોઈ ફસાદ અને ઉપદ્રવ અને ખરાબ ચલન તેની પાસે ન આવી શકે. તેઓ પાંચ સમયની નમાઝ જમાઅત સાથે પાબંદ હોય, તેઓ જુઠ ન બોલે, તેઓ કોઈને જુબાનથી કષ્ટ ન આપે, તેઓ કોઈ ખરાબ કામ કરનાર ન

હોય અને કોઈ શરારત, જુલ્મ અને ફસાદ તથા ફિત્નાનો વિચાર પણ દિલમાં ન લાવે. અર્થાત પ્રત્યેક પ્રકારના પપ અને અપરાધ અને અનર્થ અને અપશબ્દ અને તમામ માનસિક પ્રવૃતિઓ તથા બુરી વાતોથી બચે. પ્રત્યેક પ્રકારના પાપથી પોતાને બચાવીને રાખે અને ફરમાવ્યું કે બુરી વાતોથી બચતા રહે તથા ખુદા તઆલાના પવિત્ર દિલ અને પવિત્ર અને નિર્ધન પ્રકૃતિના બંદા થઈ જાય અને કોઈ વિશૈલી ખટાસ તેમના અસ્તિત્વમાં ન રહે. ફરમાવે છે સમસ્ત માનવ જાતિથી સહાનુભૂતિ તેમનો નિયમ હોય, કેવળ મોમિન, મોમિનથી સહાનુભૂતિ ન કરે બલ્કે તમામ ઈન્સાનોથી સહાનુભૂતિ તેમનું નિયમ હોય અને ખુદા તઆલાથી ડરે તથા પોતાની જુબાનો અને પોતાના હાથો અને પોતાના મનની ધારણાઓને પ્રત્યેક અશુદ્ધ તથા ઉપદ્રવ પૂર્ણ માર્ગો તથા અનર્થથી બચાવે અને પાંચ સમયની નમાઝને ધ્યાન જીૂર્વક કાયમ રાખવાની વ્યવસ્થા કરે અને અત્યાચાર, જુલ્મ અને પ્રકોપ અણે ઘૂસ તથા અધિકારોનું હનન અને અન્યાય સાથે પક્ષપાતથી બચે અને કોઈ ખરાબ સંગતમાં ન બેસે અને જો બાદમાં પ્રમાણિત હોય કે એક વ્યકિત જે તેમની સાથે સંબંધ રાખે છે તે ખુદા તઆલાના આદેશોનો પાબંદ નથી અથવા બંદાઓના અધિકારોનું કોઈ ધ્યાન નથી રાખતો અને અત્યાચારી પ્રકૃતિ અને ખરાબ સ્વભાવ તથા બદચલન માણસ છે અને અથવા જે વ્યકિત સાથે તમોએ બૈઅતનો સંબંધ સ્થાપિત કર્યો છે તેના વિષયમાં અકારણ જ અપશબ્દ, ગંદી ભાષા તથા જુઠ અને આરોપ લગાવવાની પ્રવૃતિ જારી રાખીને ખુદા તઆલાના બંદાને દગો આપવા ચાહે છે તો તમારા માટે અનિવાર્ય છે કે આ બુરાઈને પોતાની વચ્ચેથી કાઢી નાખો અને એવા મનુષ્યથી બચો જે હાનિ કારક છે

ફરમાવ્યું કે મારી જમાઅતમાંથી પ્રત્યેક વ્યકિત માટે અનિવાર્ય છે કે આ તમામ ઉપદેશો અનુસાર પાબંદી કરે અને ઈચ્છવું કે તમારી સભામાં કોઈ અપવિત્રતા અને ઉપહાસની વાત ન થાય અને નેક દિલ અને પવિત્ર પ્રકૃતિ અને પવિત્ર વિચારો સાથે ધરતી પર ચાલો.

અલ્લાહ તઆલા કરે કે આપણે હઝરત મસીહ મૌઉદ અ.સ.ની આ નસીહત તથા ઉપદેશને સામે રાખીને પોતાનું જીવન વ્યતીત કરનાર બનીએ. જે બૈઅતની પ્રતિજ્ઞા આપણે લીધી છે, તેને પુરી કરનાર બનીએ. આપણું જીવન અલ્લાહ તઆલાની પ્રસન્નતા પ્રાપ્તિ માટે વ્યતીત કરનાર બને. આપણે આપણા જીવનને હઝરત મસીહ મૌઉદ અ.સ.ની આશા પ્રમાણે ઢાળતા પોતાના જીવનનો સારો નમૂનો લોકો સામે પેશ કરનાર તથા જાહેર કરનાર થઈએ. અલ્લાહ તઆલા આપણી ખામીઓને છુપાવતા આપણને પુરસ્કાર પ્રદાન કરે. હઝરત મસીહ મૌઉદ અ.સ. માટે જે સફળતાઓ નિશ્ચિત છે તે આપણને દેખાડે. નૂતન વર્ષ બરકતો લઈને આવે તથા દુશ્મનોની યોજનાઓ અસફળ તથા વિફળ થાય. પાકિસ્તાનના અહેમદી જે આ વર્ષે કાદિયાન જલસામાં નથી જઈ શકયા તથા આ કારણે તેઓ દુખી પણ છે, અલ્લાહ તઆલા તેમની તરસને સંતુષ્ટ કરવાનો સામાન પણ પૈદા કરે. આમીન

Khulasa Khutba Jumma Huzoor Anwar 30 December 2016

BOOK POST (Printed Matter)

To.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT.